SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

જીવનમાં
ખરે ખર મસ્તીમાં
રહેવું હોય તો
ફરિયાદના ભાવને
ખતમ કરી નાખો.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Year - 21 ● Issue No. - 251 ● 1st August 2024 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**
સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**
સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**
સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ..............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**
જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**
શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ................(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ...................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

બહુ પુણ્યકેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો.

હે પ્રભુ, તમે અરિહંત છો ને મારે અરિ છે હજાર. હે પ્રભુ, ચંડકૌશિકના જેવા ઝેર ઉતર્યા એવા અમારામાંથી ઝેર ઉતારો. આવો ભાવ, આ ઓગષ્ટ માસના અંતે પ્રારંભ થતા પર્વાધિરાજ પર્યુષણમાં થાય તો ભવપાર થાય. ગૃહસ્થ અનેક જવાબદારીઓ અદા કરવામાં અટવાયેલો છે. તેવા જીવોને અધ્યાત્મના માર્ગે લઈ જવા માટે જ્ઞાની મહાત્માઓએ પર્યુષણનો આરંભ કરાવેલો અને શ્રાવક-શ્રાવિકાઓએ બાર વ્રત અને પાંચ કર્તવ્ય-પાલનનું ફરમાન કરેલું છે. જિનેશ્વર ભગવાનનાં વચનોને માનવા તે દર્શન, તેમના વચનો ને જાણવા તે જ્ઞાન અને તેમના વચનોને આચરવા તે ચારિત્ર્ય. પ્રભુના દર્શન, પૂજા, ચૈત્યવંદન, જાપથી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય. જ્ઞાનપૂજન, પ્રવચનશ્રવણ, અધ્યયનથી સમ્યક્જ્ઞાન મળે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, તપશ્ચર્યા, સાધુ-સાધ્વીની ભક્તિથી સમ્યક્ચારિત્ર્ય પ્રાપ્ત થાય. જેમા પાયા વિનાનું ચણતર ઊંચું છતાં નકામું, ગણતર વિનાનું ભણતર ઝાઝું છતાં નકામું. તેમ ધર્મ વિનાનું જીવતર લાંબુ છતાં નકામું. પ્રવૃત્તિધર્મ, આરાધના એ ધર્મક્રિયા છે, પરંતુ ખરોધર્મ પરિણતિનો છે જે અંતરાત્મામાં પ્રગટે છે. ધર્મ માર્ગે ગુરુ લઈ જાય. એક શ્લોકમાં ગુરુનો મહિમા ગવાયો છે કે

દુર્લભો વિષય ત્યાગો, દુર્લભં તત્ત્વદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થા, સદ્ગુરુકરુણાં વિના ॥

અર્થાત્ સદ્ગુરુની કૃપા વિના વિષયત્યાગ, ધર્મતત્ત્વનું દર્શન અને સહજ સમાધિસભર અવસ્થા દુર્લભ છે.

રોગ કરતાં રાગ વધુ ભયંકર. દર્દ કરતાં દોષ વધુ કાતિલ છે કારણ કે રોગ-દર્દ ભવ પૂરતી જ પીડા આપે જ્યારે રાગ-દ્વેષ-દોષ ભવોભવ પીડે.

રોગો ભલે મુજ જાય ના, મુજ રાગને પ્રભુ ટાળજો,
કષ્ટો ભલે મુજ જાય ના, અંતર-કષાયો કાપજો,
ભલે દુર્ગતિ મુજ ના ટળે, પણ કુમતિ મુજ ટાળજો.

આપણે પ્રાર્થના કરીએ કે હે પાવન પર્વાધિરાજ, અમે એવી ભક્તિ-આરાધના કરીએ કે અમારા દોષો દૂર થાય અને પદાર્થો માટેનો રાગ દૂર થાય, આત્માને ઓળખીને આત્મામાં સ્થિર થઈએ. એવી ઉત્કૃષ્ટ નિર્વિકાર ભક્તિ અમારે કરવી છે.

ક્ષમાપના એ પર્યુષણનો પ્રાણ છે. જીવમાત્ર સાથે મારે લેશમાત્ર પણ વેર-વિરોધ-શત્રુતા ન રહે. અંતે, અમારાથી, જ્ઞાતિના-સમાજના કોઈ પણ વ્યક્તિને મન-વચન કર્મથી કે અજાણતાં દુ:ખ થયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. ક્ષમા આપશોજી.

આપ સૌ સુવિદિત છો કે શાહ સમુબેન કેશવલાલ ન્હાલચંદ માધવજીની સ્મૃતિમાં શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ સરૈયા પરિવારના કાયમી દાન અંતર્ગત શિક્ષણ સહાયની યોજના છેલ્લા બારેક વર્ષથી કાર્યરત છે. ઉચ્ચ શિક્ષણની વિવિધ ફેકલ્ટીઝ તથા ડીપ્લોમાં, આઈ. ટી. આઈ. વગેરે અભ્યાસક્રમોમાં જેમના પરિણામ જુલાઈના અંત સુધીમાં ન આવ્યાં હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય માટે તા.૧૫-૦૮-૨૦૨૪ સુધી નિયત ફોર્મમાં મંડળના કાર્યાલયે આવીને અરજી આપી શકશે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ. જીગ્નેશભાઈ અરવિંદભાઈ શાહ**
(મોટપ-અમદાવાદ)
જન્મ તા.૦૫-૦૮-૧૯૭૫ - સ્વ.તા.૧૮-૦૩-૨૦૧૪
ની સ્મૃતિમાં

અરૂણાબેન શાહ – રૂપલબેન શાહ
નીશીબેન – દીયાબેન
સંજયકુમાર – મોનાબેન
જૈની – આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

સાધર્મિક પરિવારના કુટુંબીજનોને આર્થિક સહાયરૂપે સમાજના કોઈ પણ વ્યક્તિ રોકડ રકમ આપી સાધર્મિક સહાયમાં સહયોગી થવાની ઈચ્છા હોય તેઓ મંડળના કાર્યાલયે રોકડ રકમ લખાવી શકે છે. મંડળ તરફથી જીવન જરૂરીયાતની સામગ્રી પહોંચતી વખતે આપના તરફથી મળેલ રકમ પરિવારના કુટુંબ દીઠ મોકલી આપવામાં આવશે.

મેડિકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલવામાં આવે છે. આ સેવાનો લાભ લેવા સૌને વિનંતી છે.

સમ્યક્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત પાઠશાળા કાર્યરત છે. ધાર્મિક શિક્ષક શ્રી હિતેષભાઈ પ્રતિક્રમણના સૂત્રો અર્થ સહિત અને શુધ્ધ ઉચ્ચાર કરાવીને સમજાવે છે. જીવ-વિચાર સરળ ભાષામાં સમજાવે છે. આપ સૌને પાઠશાળાનો લાભ લેવા વિનંતી છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ તરફથી પ્રકાશિત થતું જ્ઞાતિનું મુખપત્ર "પરિવાર પત્રિકા" ઘણાં વર્ષોથી ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને મોકલવામાં આવે છે. પરંતુ પોષ્ટ ખાતા તરફથી સપ્ટેમ્બર-૨૦૨૩થી ઊભી થયેલી કાયદાકીય ગૂંચ (સમસ્યા)ને લીધે, જ્ઞાતિમંડળને જાન્યુઆરી ૨૦૨૪ થી જુલાઈ-૨૦૨૪ સુધી રૂપિયા ૨-૦૦ની પોષ્ટલ ટિકીટ લગાડીને સર્વે જ્ઞાતિજનોને પરિવાર પત્રિકા મોકલવું પડેલું.

આ સમસ્યાનું નિરાકરણ (ઉકેલ) લાવવા માટે પ્રમુખશ્રી બકુભાઈ ગાંધી, સંપાદકશ્રી પ્રમોદભાઈ ગાંધીએ અથાક મહેનત કરી. આ બાબતમાં શ્રી બકુભાઈ ગાંધીના સુપુત્ર શ્રી ચિ.શ્રી હિતેષભાઈ તથા તેમના મિત્ર DAVP ગુજરાત સર્કલના શ્રી ચિરાગભાઈએ ખૂબ મદદ કરી અને તેને પરિણામે જ ઓગષ્ટ-૨૦૨૪ના અંકથી ફરી રાબેતા મુજબ કન્શેસન દરે (૦-૨૫ પૈસા)પરિવાર પત્રિકા મોકલવાનું શક્ય બન્યું છે. જો આ પ્રયત્ન સફળ ન થયો હોત કે તેમાં વિલંબ થયો હોત તો મંડળને પોષ્ટલ ખર્ચનું ભારણ વધી જાત.

તેથી અમદાવાદ જ્ઞાતિમંડળ, શ્રી બકુભાઈ ગાંધી, શ્રી પ્રમોદભાઈ ગાંધી તથા શ્રી હિતેષભાઈનો ખૂબ આભાર માને છે અને ખાસ તો DAVP ના શ્રી ચિરાગભાઈનો મંડળ ખૂબ ખૂબ આભાર માને છે.

ભાવેશભાઈ એમ. શાહ-માનદ્‌મંત્રી ● રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

## પ્રાર્થના

હે વીતરાગ! હે હૃદયેશ્વર! મોડે મોડે હવે ખબર પડી છે કે, તું મળ્યો ખરો પણ ફળ્યો કેમ નહિ! છેલલા ચાલીસ વર્ષથી તારી પૂજા ભક્તિ કરું છું. વિધિ વિધાન સહિત કરું છું. સમયસર કરું છું. શાસ્ત્રોક્ત વિધિથી કરું છું. પણ અંતર તો સંસારને આપી બેઠો છું. જે હૃદયમાં તને પધરાવવાનો હતો તે તો હંમેશા એન્ગેજ રહ્યું. તેમાં તો મારી પત્ની, બાળકો, ઘર, દુકાન અને મારા સ્વજનો જ ભરેલા રહ્યા! તને તો મેં હંમેશા મંદિરમાં જ પૂરી રાખ્યો.

મંદિરથી મારું ઘર અડીને જ હોવા છતાં મારું હૃદય તો યોજનો દૂર હતું. મારું મન તારામાં ક્યારેક ચોંટવા રાજી થતું પણ તેવામાં તો મોહનું વાવાઝોડું આવી મનને ક્યાંય દૂર ખેંચી જતું હતું.

તારા પ્રત્યે થોડીક શ્રદ્ધા જામતી ત્યાં તો પેલો મિથ્યાત્વબોસ આવી એવું રસાયણ નાંખી દેતો હતો કે મન ઉદ્વિગ્ન બની જતું તને મૂકી પાછો ઘરે ગોઠવાઈ જતો. મનની સ્ક્રિન ઉપરથી સેકંડમા તો તું વિસરાઈ જતો હતો. પાછો મારો સંસાર તાજો-માજો ચાલવા લાગતો.

હે દીનાનાથ! મારે હવે તારામાં ભળવું છે. તે માટે મારા મનને, મારા ચિત્તને, મારી ચેતનાને શુદ્ધ બનાવવી છે, નિર્મળ બનાવવી છે. મારું ચિત્ત તારામાં જ રમ્યા કરે એવો કોઈ ઉપાય મને બતાવ તે માટે મારે શું કરવાનું છે તે મને કહે!



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ ◊ સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

માણસ મોટો થાય એટલે બાળપણ ભૂલે
લગ્ન થાય એટલે મા-બાપને ભૂલે
છોકરા થાય એટલે ભાઈ બેનને ભૂલે
અમીર થાય એટલે ગરીબને ભૂલે
અને વૃધ્ધ થાય એટલે ભૂલેલું બધું યાદ આવે

**ચીમનલાલ પુનમચંદ શાહ**
સરોજ મુકેશ શાહ ● મુકેશ જે. શાહ
જીગર ● હિમાંદ્રી ● મૌલિક ● આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)




## હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

દિપકભાઈ શાન્તીલાલ શાહ અને
રંજનબેન દિપકભાઈ શાહના પૌત્ર
(ગાંભુ - હાલઃ અમદાવાદ)
તથા
ચિરાગ દિપકભાઈ શાહ અને
રેહા ચિરાગભાઈ શાહના સુપુત્ર


**ચિ. અમન**

એ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરી
**M. S. in Engineering Management**
ની પદવી
**North Eastern University, Boston, USA**
માંથી એનાયત થયેલ છે.
તેની આ સફળતા બદલ
અમારા સૌ તરફથી ખૂબ ખૂબ અભિનંદન

**ચિ. અમન**

દિન-પ્રતિદિન ઉત્તરોત્તર પ્રગતિ કરી
કુટુંબ અને સમાજનું ગૌરવ વધારે
એવી શુભેચ્છા.






### શુભેચ્છક

નિરવભાઈ - નિતુબેન
કૌશલભાઈ - વૈશાલીબેન
રવિભાઈ - નેહાબેન
પ્રણવભાઈ - શીખાબેન
એના, આર્યન, રાહીલ

સ્વ. શાન્તીલાલ પુનમચંદ શાહ - સ્વ. સરસ્વતીબેન શાહ
સ્વ. ભરતભાઈ ગાંધી - મૃદુલાબેન ગાંધી (નાના-નાની)
પ્રવિણભાઈ - સરોજબેન
હર્ષદભાઈ - ભાવનાબેન
શૈલેષભાઈ - દર્શનાબેન
રાજેશભાઈ - પન્નાબેન

Add.:- 3, Rushabh Society, Nr. Satva Flat, Shantivan, Paldi, Ahmedabad.

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

બહુ મતલબી દુનિયા છે સાહેબ,
માણસ તમને નહીં
તમારો સમય જોઇને
બોલાવે છે !!

---

ઓળખાણ થાય એટલે
સંબંધની શરૂઆત થાય,
અને
ઓળખી જાય એટલે
સંબંધ પૂરો થાય..!!

---

જો કોઇ તમારા વિશે
ખરાબ બોલતું હોય તો
જીવ ના બાળવો,
પરંતુ
ભગવાનનો આભાર માનવો,
કારણ કે
લોકો પાપો ધોવા
તીર્થયાત્રાએ જાય છે,
અને
તમારા ઘેર બેઠા ધોવાય છે?

---

કિંમત અને મૂલ્ય વચ્ચે
શું ફર્ક.
કિંમત ચૂકવવી પડે,
મૂલ્ય કમાવવું પડે.

---

જીવન દુ:ખ નથી આપતું
જીવનમાં લીધેલા નિર્ણયો
દુ:ખ આપે છે.

---

પચવામાં સૌથી ભારે વસ્તુમાં
"પૈસા"
આજે પણ
પહેલા નંબર પર આવે છે.

---

સફળ માણસની ચમકથી જ
લોકોને મતલબ હોય છે.
પણ તેણે કેટલા અંધારા જોયા
એ કોઇ નથી જાણતું...!

---

લંકાના રાવણ કરતા
વધુ ભયંકર છે
શંકાનો રાવણ,
જે સમજણનું જ
હરણ કરી જાય છે

---

તૂટેલી ચીજો
હમેશાં પરેશાન કરે છે.
જેમ કે
ઉંઘ, આશા, દિલ અને
સૌથી વધારે ભરોસો.

---

"સમય ની સાથે તો
બધા "સંબંધ" નિભાવે...
પણ
મીઠાશ તો ત્યારે આવે
જ્યારે સમય બદલાય પણ
"સંબંધ" "ના બદલાય"...

---

ડિલીટ જેટલું જલ્દી થાય છે
તેટલું જલ્દી
ડાઉનલોડ નથી થતું,
કારણ...
સર્જનમાં સમય લાગે
વિસર્જનમાં નહિ,
પછી તે કૃતિ હોય કે સંબંધ....!!

---

જીવનની દરેક ક્ષણને માણો.
તેને સાચવશો નહીં..
ન વપરાયેલ જીવન પર
રિફંડ મેળવવાની
કોઇ વ્યવસ્થા નથી..

---

ભાગ્ય તમારા હાથમાં નથી
પરંતુ નિર્ણય તમારા હાથમાં છે.
ભાગ્ય તમારો નિર્ણય
બદલી શકતું નથી
પણ તમારો નિર્ણય
ભાગ્ય બદલી શકે છે.

---

સંતોષ સાથે સૂવું,
આશા સાથે જાગવું
અને
સ્વાભિમાન સાથે જીવવું
એ જ સાચું જીવન છે.

---

કુદરતનો પણ
એક નિયમ છે દોસ્તો..
જે પાનખર ઝીલે
તેને જ વસંત આવે છે.

---

જીવનમાં થોડું સહન
કરતા તો શીખવું જોઈએ
સાહેબ કારણ કે
આપણામાં પણ
ઘણી બધી ખામીઓ છે જે
બીજા લોકો સહન કરે છે.

---

એકલી વ્યક્તિઓ
આનંદમાં રહી શકે
પણ
ઉત્સવ તો
પરિવાર સાથે રહેનાર જ
મનાવી શકે.

---

આપણે
આપણી જાતને સિધ્ધ
કરવાની છે,
પ્રસિદ્ધ તો લોકો જ કરશે..!

---

લાગણીશીલ વ્યક્તિ
કોઈપણ ભોગે સબંધ સાચવે,
પ્રેક્ટિકલ વ્યક્તિ
હંમેશા સંબંધમાંથી
ફાયદો ઉપાડે,
પ્રોફેશનલ વ્યક્તિ
હંમેશા જ્યાં ફાયદો હોય ત્યાં જ
સબંધ બાંધે.

---

સંપત્તિ સુખ નહીં
માત્ર સગવડ આપે છે,
સુખ સાચા સંબંધોની
પૂંજીથી મળે છે.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

## હાર્દિક અભિનંદન સહ ખૂબ ખૂબ શુભેચ્છા



ચિ.ખુશાલી સુનિલ રમેશચંદ્ર શાહ
(ઉનાવા - હાલઃ હાવરા (કોલકતા)

અમારા પરિવારની
લાડલી/વ્હાલસોયી દિકરી
# ચિ.ખુશાલીને
**CA FINAL EXAM**
પાસ થવા બદલ
ખૂબ ખૂબ આશિર્વાદ
સહ હાર્દિક શુભેચ્છાઓ
પાઠવીએ છીએ.
કહેવાય છે ને
કઠોર પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી
અને

ઉચ્ચ અભ્યાસ તેમજ
ઉચ્ચ કારકિર્દી બજારમાં
ક્યાંય વેચાતા નથી મળતા.
એ મેળવવા તો
મહેનત જ કરવી પડે છે.

ઉપરોક્ત પંક્તિ/વાક્યને
સાબિત/ચરિતાર્થ કરીને આ સિધ્ધિ
(CA ની પદવી) મેળવવા બદલ
ચિ. **ખુશાલી** ને ખૂબ શુભેચ્છાઓ.

**શુભેચ્છક**

સ્વ.રમેશચંદ્ર વાડીલાલ શાહ (દાદા)
સુમિત્રાબેન રમેશચંદ્ર શાહ (દાદી)
સુનીલ રમેશચંદ્ર શાહ (પિતા)
સોનલ સુનીલ શાહ (માતા)

સ્વ.રતિલાલ સ્વરૂપચંદ શાહ (નાના)
ઈન્દુમતી રતિલાલ શાહ (નાની)
સિધ્ધાર્થ સુનીલ શાહ (ભાઈ)
ઋત્વી સિધ્ધાર્થ શાહ (ભાભી)
નાયસા શાહ (ભત્રીજી)

રત્ના અતુલકુમાર શાહ (ફોઈ)
અતુલકુમાર ધીરજલાલ શાહ (ફુઆ)
તથા સમસ્ત વાડીલાલ પિતામ્બરદાસ શાહ પરિવાર (ઉનાવા)

**સરનામું :** સુનીલ રમેશચંદ્ર શાહ
૧૨, ડૉ. પી. કે. બેનરજી રોડ, બ્લોક-એ, ફ્લેટ નં.૫૦૪, હાવરા-૭૧૧૧૦૧, વેસ્ટ બંગાલ.

**સરનામું :** સિધ્ધાર્થ શાહ
D/106, G.Platinum, ભાયલી વાસણા, વડોદરા.

"પુરૂષાર્થ વિના પ્રારબ્ધ પાંગળુ છે."



KINGS ABODE
KV
@KINGS VILLA

## Villa
Inspired by
## Modern Architecture

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**







## FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)
## (ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)




## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.    CONSTRUCTION : Aprox 200 SQ. YD.**

**OTHER ATTRACTIVE PROJECTS**

**KINGS CASTLE / KINGS AURA / KINGS LEGACY / KINGS GLORY**

(SCAN FOR VIDEO)

(SCAN FOR LOCATION)

**REDEFINE YOUR STAYS IN LUSH GREENERY.**
**BOOK YOUR DREAM VILLA @ KINGS ABODE**

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.***
***NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***














# શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ... પૂના

શ્રી સુડતાલીસ જૈન જ્ઞાતિ મંડળ... પૂના દ્વારા પ્રથમ વાર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૬-૦૫-૨૦૨૪, રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખશ્રી સુધીરભાઈ ઈશ્વલાલ શાહ જેઓ આ ટુર્નામેન્ટના મેઈન સ્પોન્સર હતા તે ઉપરાંત તેમને પૂનામાં ક્રિકેટ ટુર્નામેન્ટ થાય અને યુવાનો જોડાય તે માટે પહેલ કરી હતી તેમનો અને બધા ટીમ ઓનર તથા બેનરના લાભાર્થીના આર્થિક સહયોગ બદલ મંડળ તરફથી ખુબ ખુબ આભાર માને છે.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૯ ટીમોમાં લગભગ ૭૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સવારે ૭-૩૦ કલાકેથી લગાતાર ફાઈનલ મેચ રાત્રે ૧૦-૦૦ કલાક સુધી ચાલી હતી પૂરા દિવસ દરમિયાન સવારે નાસ્તો, બપોરે જમણ અને રાત્રી ભોજન રાખવામાં આવ્યું હતું. પૂરા દિવસ દરમિયાન મંડળના ૨૫૦ થી ૩૦૦ સભ્યોની હાજરી હતી અને બધાયે ક્રિકેટ ટુર્નામેન્ટ હોંશ અને ઉત્સાહ પૂર્વક માણી હતી.



## ક્રિકેટ ટુર્નામેન્ટના લાભાર્થી નીચે પ્રમાણે છે.

### ટુર્નામેન્ટના મેઈન સ્પોન્સરર્સ

- શ્રી સુધીરભાઈ ઈશ્વરલાલ શાહ (ભાલક)

### ક્રિકેટ ટીમના ઓનર્સ

- સપ્તસૂર કિંગ્સના ઓનર
  સમાજરત્ન શ્રી રમણલાલ હરગોવનદાસ શાહ પરિવાર (દેણપ)
- મનસુખલાલ રોયલ્સના ઓનર
  શ્રી ચંદ્રકાન્તભાઈ મનસુખલાલ શાહ (ગાંભુ)
- કિટી કેર ચેલેન્જરના ઓનર
  શ્રી દીપકભાઈ કાંતિલાલ શાહ (દેણપ)
- ઈપીઓન ફાર્મા કિંગ્સના ઓનર
  સમાજરત્ન શ્રી સુમતીલાલ મોહનલાલ શાહ (મણુંદ)
- આર્મ્સ નાઈટ-રાઈડર્સના ઓનર
  શ્રી સંદીપભાઈ ભોગીલાલ શાહ (ભાલક)
- પી. પી. શાહ કે ટાઈટન્સના ઓનર
  શ્રી વિશાલભાઈ જીતુભાઈ શાહ

### મહિલા ટીમોના ઓનર્સ

- પુણેરી પલટન મહિલા મંડળ
  શ્રી સુડતાલીસ જ્ઞાતિ મહિલા મંડળ
- એન્જલ વોરિયર મહિલા ટીમના ઓનર
  એક સદ્‌ગ્રહસ્થ
- મંગળદાસ ઈન્ફાટેક સુપર જાયન્ટ મહિલા ટીમના ઓનર
  શ્રીમતી વિમળાબેન મંગળદાસ શાહ (મોટપ)

### ક્રિકેટ ટુર્નામેન્ટમાં બેનરના નામ નીચે પ્રમાણે છે.

શ્રી રમણીકલાલ મનસુખલાલ શાહ
શ્રી બાબુલાલ હરગોવનદાસ શાહ
શ્રી હસમુખલાલ બાબુલાલ શાહ
સ્વ. ઈન્દુબેન પ્રવિણચંદ્ર શાહ
શ્રી તનેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી વિશાલ દિલીપભાઈ શાહ
શ્રી કેતન પ્રફુલભાઈ શાહ
શ્રી દિનેશભાઈ વાડીલાલ શાહ
શ્રી અલ્પાબેન સંદીપભાઈ શાહ

**ક્રિકેટ ટુર્નામેન્ટમાં સહકાર આપવા માટે બધાનો ખુબ ખુબ આભાર માનતા પૂના મંડળ આનંદ અનુભવે છે.**














## હૈયાના હેતે..... વધાવીએ પર્વાધિરાજ પર્યુષણને.....

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનમાં આત્મા શુદ્ધ સ્વરૂપને આધ્ય બનાવીને, સાધક આત્માઓ પરમાત્માની આજ્ઞાના પાલનરૂપ સાધનાને સ્વીકારે છે કે જે સાધના જૈન શાસન સિવાય બીજે ક્યાંય નથી. પરમાત્માનું શાસન સ્યાદ્વાદથી નિયંત્રિત છે. આત્મસુખની દુનિયામાં મગ્ન બનાવનારું આવું અનુપમ શાસન મળી ગયા પછી આ તારક શાસનને આત્મામાં સ્થિર કરવા પ્રયત્ન કરવો એ જ સાચી સાધના છે અને તેને માટે ભિન્ન-ભિન્ન આરાધનાઓ-અનુષ્ઠાનો-પર્વો બતાવ્યા છે.

આરાધના-પર્વો કાળક્રમથી આવે અને કાળક્રમે પૂર્ણ થઈ જાય છે. આરાધના બહિર્મુખતા મિટાવીને અંતઃર્મુખ બનાવી આત્મસુખની અનુભુતિ કરાવે છે. આ પર્યુષણ પર્વની સાધના પણ અંતર્મુખવાળી અને પ્રભુઆજ્ઞાના શુદ્ધ સ્વરૂપના લક્ષ્યવાળી છે. માટે જ મહાસાત્વિક્તા ફોરવી પર્વાધિરાજના પવિત્ર દિવસોમાં આત્મભીતરમાં જઈ, સાધનાને આત્મા સાથે સ્પર્શાવી સાધનાનું સુખ અનુભવવાનું છે.

મનુષ્યભવ મળ્યા પછી પ્રગટ કરવા યોગ્ય કે ભોગવવા યોગ્ય હોય તો એક માત્ર આત્મ સ્વરૂપ છે. પરમાત્માએ વર્ષ દરમ્યાન કરવા યોગ્ય પાંચ કર્તવ્યો આ હેતુથી જ બતાવ્યા છે. એક-એક કર્તવ્ય દ્વારા પ્રભુ આપણને પોતાના સ્વરૂપ તરફ લઈ જઈ સંસારમાંથી પાર ઉતારવા માંગે છે. એક એક કર્તવ્યમાં આપણું સ્વરૂપ ધરબાયેલું પડ્યું છે. બાહ્યથી કરાતાં આ કર્તવ્ય પાલન દ્વારા ભીતરમાં સ્વરૂપને પ્રગટ કરવાનું છે. અનુભવવાનું છે. આ વાતની જેને ખબર નથી તેને માટે પર્વો કાળક્રમે આવે છે અને ભૂતકાળ બની જાય છે. પરિ+ઉષણા એનો અર્થ છે પરિ ચારે બાજુથી, પૌદ્ગલિક દુનિયામાં ભટકતા આત્માને ત્યાંથી પાછોવાળી આત્મગુણોમાં ઉષ્ણા વસાવવો.

પર્વ દિવસો આત્માને વિશિષ્ટ પ્રકારે આરાધનામય બનાવી જગતથી નોખો ને નોખો લઈ જવા માટે છે. સંસાર ભૂલાવી દેવા માંગે છે. માટે જ પૂરી તાકાત લગાવી/સત્વ ફોરવી/પર્વારાધનામાં જોડાવાનું છે. પણ... આપણી કેવી મોટી કમનસીબી છે. અનાદિકાળથી આત્મા પાસે પોતાનું સ્વરૂપ-પોતાના ગુણો વિદ્યમાન છે. છતાં હજીએ અનુભવી શક્તો નથી. સ્વરૂપ હાજર છતાં અનુભૂતિ નથી તેથી જ પર્વારાધના દ્વારા પરમાત્માની આજ્ઞાથી પોતાના સ્વરૂપને બહાર લાવવાનો પુરૂષાર્થ કરવાનો છે. કે જેનાથી કર્મમળ દૂર થઈ જાય. વિભાવદશા દૂર થઈ જાય. સ્વભાવદશાની અનૂભૂતિ થાય અને અંતે સાધ્ય સિદ્ધ થાય.

આ રીતે કર્તવ્યોના પાલનપૂર્વક પર્વાધિરાજની આરાધના કરવામાં આવે તો કર્તવ્યોના સંસ્કાર ભવાંતરમાં આપણી સાથે અવશ્ય આવશે જે ભવાંતરમાં આત્માને સાચી સલામતી આપશે.

**વાર્ષિક પાંચ કર્તવ્યો શા માટે કરવાના?**

૧. અમારિ પ્રવર્તન : આપણા આત્મામાં અનાદિકાલથી અન્ય જીવોના દ્રવ્યપ્રાણની ઉપેક્ષા રૂપે કઠોરતાના જે સંસ્કારો પડ્યા છે તેનો નાશ કરી આત્મામાં જીવરક્ષારૂપે કોમળતાના સંસ્કારોનું નિર્માણ કરવા માટે આ કર્તવ્ય કરવાનું છે.

૨. ક્ષમાપના : આપણા આત્મામાં અનાદિકાલથી અન્ય જીવસૃષ્ટિ પ્રત્યે દ્વેષાદિ દોષો પ્રત્યે પક્ષપાતનાં જે સંસ્કારો છે તેનો નાશ કરી આત્મામાં સર્વ જીવસૃષ્ટિ પ્રત્યે આત્મતુલ્યત્વ દ્વારા મૈત્રી ભાવના સંસ્કારનું નિર્માણ કરવા માટે આ કર્તવ્ય કવાનું છે.

૩. સાધર્મિક ભક્તિ : આપણા આત્મામાં અનાદિકાળથી ગુણો પ્રત્યે રાગ કેળવાયો નથી. તેથી તે ગુણાનુરાગ કેળવવા માટે આ કર્તવ્ય કરવાનું છે.

૪. અટ્ઠમનો તપ: આહાર રૂપ પુદ્ગલના ઉપલક્ષણથી સમસ્ત પુદ્ગલ ગ્રહણનાં સંસ્કાર રૂપ આહાર સંજ્ઞાનો નાશ કરવા માટે આ કર્તવ્ય કરવાનું છે.

૫. ચૈત્ય પરિપાટી : લોકોત્તમ એવા તીર્થંકર પરમાત્માનાં ગુણોને ઓળખી એમના જેવા ગુણો મેળવવા માટે અને ગુણોની પ્રતિબંધક કર્મ તોડવા આ કર્તવ્ય કરવાનું છે.

આ મનુષ્ય જન્મ, આત્મામાં ગુણપ્રાપ્તિનો વ્યાપાર કરી ગુણોની કમાણી કરવા અને દોષોના નાશ કરવા માટે છે અને પર્વોની ગોઠવણી પાછળનું રહસ્ય પણ આ છે.

પ્રાંતે... આત્માને ભાવિત કરી મહાનપર્વની આરાધનાની પુણ્યતકને સુસફળ બનાવો એ જ એક શુભાભિલાષા...

## પર્વાધિરાજ પર્યુષણા પર્વ....

પુનિતને પરમાત્મા બનાવવાનું પરમાલંબન સમર્થે છે.
આવા સોનેરી દિવસોમાં સંવત્સરીના દિવસે
એક વખત પણ ખરા મનથી બારસા સુત્રનું
શ્રવણ કરવામાં આવે તો અઠળક કર્મોનો ભુક્કો બોલી જાય છે.
આવો આનંદપૂર્વક મન મુકીને આ પર્વને ઉજવીએ.

**જાણે અજાણે પરમાત્માની આજ્ઞા વિરુધ્ધ**
**કંઈ લખાઈ ગયું હોય તો તે બદલ**
**ક્ષમા યાચી મિચ્છામિ દુક્કડમ્ પાઠવીએ છીએ.**

પ્રમોદ એન. ગાંધી-સંપાદક • બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

**મુસીબતો વચ્ચે પણ હસતાં રહીશું,**
**તો ચોક્કસ ઈશ્વરને ગમતાં રહીશું.**

## અમદાવાદ જ્ઞાતિ મંડળના નવા સભ્યો

**ગાંધીનગર**

સંજયભાઈ મનુભાઈ શાહ.................................(લાછડી)
૨૨૯/૨, આમ્રપાલી ફ્લેટ, આનંદ વાટીકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.

**અમદાવાદ**

આશય પુષ્પકભાઈ શાહ....................................(મણુંદ)
૨, દેવર્ષી એપાર્ટમેન્ટ, આઈડીયલ કોલોની, જયહીન્દ હાઈસ્કુલ પાસે, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. મો.: ૯૮૯૮૮૫૩૨૫૧

દેવાંશુ પુષ્પકભાઈ શાહ......................................(મણુંદ)
૨, દેવર્ષી એપાર્ટમેન્ટ, આઈડીયલ કોલોની, જયહીન્દ હાઈસ્કુલ પાસે, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

જય રાજુભાઈ શાહ.........................................(મોટપ)
એફ-૬૦૩, સ્પર્શ એરીન, રાજયશ રીવેન્ટા, જે. બી. શાહ કોલેજ પાસે,ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

નમન તેજશભાઈ.............................................(મોટપ)
૪૦૧, પાર્શ્વદિપ એપાર્ટમેન્ટ, ભગવાન નગરનો ટેકરો, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

## યૂથ ફોરમ... આગામી કાર્યક્રમ

# Cricket Tournament
# Youth Primier League-2024

વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ તેમજ ૨૦૨૨ ની અભૂતપૂર્વ સફળતા બાદ ફરી એકવાર અમદાવાદ મંડળ યુવા સમિતિ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં તારીખ ૨૧ તેમજ ૨૨ ના રોજ અતિ રોમાંચક અને આકર્ષક બે દિવસીય ક્રિકેટ ટુર્નામેંટ YPL (Youth Premier League-2024) માટેનું આયોજન અમદાવાદના લોર્ડસ સમા SGVP ક્રિકેટ ગ્રાઉંડ પર અમદાવાદમાં રહેતા સભ્યો માટે કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ વખતે તારીખ ૨૧, ૨૨ ની ટુર્નામેંટ બાદ, ત્યાર પછીના એક થી બે અઠવાડિયાની અંદર આપણી સમગ્ર જ્ઞાતિ ના અન્ય શહેર ના જ્ઞાતિ મંડળ ની યુવા ટીમો પણ ભાગ લઈ શકે અને સમગ્ર જ્ઞાતિ યુવાધન એક તાંતણે જોડાય તેવા આશય સાથે એક દિવસીય ક્રિકેટ ટુર્નામેંટનું આયોજન કરવા પણ વિચારેલ છે. આ અંગેની વધુ વિગત જ્ઞાતિ વોટ્સેપ સમાચાર દ્વારા જે તે સમયે પોસ્ટ કરવામાં આવશે.

આ ટૂર્નામેંટમાં ભાગ લેવા ઇચ્છુક અમદાવાદમાં વસતા સર્વે Male/Female મિત્રોને જણાવવાનું કે આ અંગેના ઓનલાઈન રજીસ્ટ્રેશન અંગેની વિગત માટેની જાણ અને રજીસ્ટ્રેશન ચાલુ થયાની જાણ હવે પછી જ્ઞાતિ વોટ્સેપ સર્વિસ દ્વારા કરવામાં આવશે. તેમજ અમદાવાદ બહારના મંડળ સાથે સંકળાયેલા જે મિત્રો (Only Male Team) આ ટૂર્નામેંટમાં ભાગ લેવા ઇચ્છતા હોય તે સૌએ તેઓના સંબંધિત મંડળના પ્રમુખ/સેક્રેટરીનો સંપર્ક સાધવાનો રહેશે. તેમજ અમદાવાદ મંડળ દ્વારા પ્રસારિત થતાં વોટ્સેપ સમાચાર Follow કરવાના રહેશે. આ બાબતે જે સભ્યો અમદાવાદ મંડળ દ્વારા પ્રસારિત થતાં વોટ્સેપ સમાચાર ના મેળવતા હોય તેઓએ પોતાના મોબાઇલ માં 4774004747 નંબર (47 Dashashrimali) ના નામથી સેવ કરીને આપના મોબાઇલમાંથી આ સેવ કરેલા નંબર ઉપર એક મેસેજ મોકલવાનો રહેશે જેમાં આપનું પૂરું નામ, હાલના રહેઠાણનું શહેર અને આપના મૂળ વતન નું નામ જણાવવાનું રહેશે.

આ અંગેની વધુ વિગત માટે આપ નીચેમાંથી કોઈ પણ એક નો સંપર્ક કરી શકો છો.

વિભાકર શાહ-કન્વીનર: મો. ૯૮૨૫૦૬૭૫૧૫

મયુર શાહ: મો. ૯૪૨૮૨૧૮૩૪૪

**જીવન માં બીજાની શિખામણ કરતા પોતાની જાતે કરેલી મથામણ વધારે કામ આવતી હોય છે...**

## પરિવાર પત્રિકા

હવેથી 6 c.m. x 9 c.m. ની સાઈઝમાં ફક્ત ધંધાદારી જાહેરાત રૂા.૬૦૦/-માં સ્વીકારવામાં આવે છે.

જ્ઞાતિજનો આ અંગે નીચે દર્શાવેલ સંપાદન સમિતિના સભ્યોનો સંપર્ક કરી જાહેરાતો આપી શકશે.

પ્રમોદભાઈ એન. ગાંધી (રણુંજ) - ૯૩૨૭૦ ૦૭૦૫૪
બકુભાઈ સી. ગાંધી (સમોડા) - ૯૮૨૫૦ ૯૬૪૪૪
ભાઈલાલભાઈ એન. ગાંધી (સમોડા) - ૯૯૨૫૭ ૨૨૩૨૪
મીહીરભાઈ એચ. શાહ (બોકરવાડા) - ૯૮૯૮૨ ૫૮૫૧૫
ભાવેશભાઈ એમ. શાહ (ભાલક) - ૯૪૨૭૭ ૦૨૦૮૦


જૈન શાસનમાં 'પર્યુષણ મહાપર્વ' શિરોમણી રૂપ છે. આ પર્વમાં શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકના શ્રવણનો સોનેરી અવસર માણવાનો લ્હાવો પુણ્યશાળીને-ભાગ્યશાળીને જ મળે છે બીજા દિવસે નિશાળ ગળણાના વ્યાખ્યાનમાં પ્રભુને શાળાએ મુકવાના પ્રસંગને આબેહુબ રીતે વર્ણવામાં આવેલ છે આ પ્રસંગ નિમિત્તે બાળકોને શૈક્ષણિક ઉપકરણો વહેંચવામાં આવે છે.

આવા શુભપ્રસંગે પેન-પેન્સીલ-બોલપેન ખૂબ જ વ્યાજબી કિંમતે સંઘના/સંસ્થાના/વ્યક્તિના નામ સાથે તેમજ શૈક્ષણીક કીટ જરૂરીયાત મુજબની ક્વોન્ટીટીમાં હોલસેલ ભાવથી આપવા અમે સુસજ્જ છીએ. આપ સૌ લાભાર્થી બનો એવી શુભેચ્છા.

અમૃત ભારત પેન કંપની (Since : 1958)
પેન-બોલપેન કોર્પોરેટ ગીફ્ટના સ્પેશીયાલીસ્ટ
નંદનવન કોમ્પલેક્ષ, ટાઉનહોલ પાર્કિંગ ગેટ સામે, એલિસબ્રીજ, અમદાવાદ.
M.: 9825513133, 9879815705, 9909989599
"જૈનમ જયતિ શાસનમ્"




સ્ટ્રેચ ફિલ્મ રોલ • શ્રિંક ફિલ્મ રોલ • બોક્ષ સ્ટ્રેપિંગ રોલ • બારકોડ પ્રિન્ટર • પેકિંગ ક્લીપ (સીલ્સ) • બ્રાઉન ટેપ • સેલો ટેપ • પ્લાસ્ટિક સુતળી • પેકિંગ મશીન

BHARTI ENTERPRISE
All Branded Products under One Roof
Offi : 1072, Taliy's Pole, Inside Sarangpur Gate, Sarangpur, Ahmedabad-380 001.

| Bhavesh Shah | Samir Shah | Harshul Shah | Parshwa Shah |
|---|---|---|---|
| 9427702080 | 9428119996 | 9104276548 | 8511998531 |

(BHALAK)

The Trusted Name Since 2000
Sapan Sir's Education Academy
Admission Open for 2024-25

Standard 1 to 12 Commerce
English & Gujarati Medium
CBSE, GSEB & NCERT
Satellite Branch : E-104,105, PNTC Complex, Radio Mirchi Road.M.: 9825785130
Vasna Branch : 1-6,7, First Floor, Riverside Park, New South Vasna. M.: 7990470179

# શ્રધ્ધાંજલિ



## સ્વ. શર્મિષ્ઠાબેન વિનોદચંદ્ર શાહ

(ઉનાવા) હાલ: અમદાવાદ

જન્મ તા. ૦૩-૦૩-૧૯૫૨ ❋ મરણ તા. ૦૧-૦૭-૨૦૨૪

દેહનો વિલય થાય છે, પરંતુ આત્માનો વિલય થતો નથી.
અમારા હૃદયમાંથી તમારી સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં.
આપની ધાર્મિક ભાવના અને નિ:સ્વાર્થ સેવાના મૂલ્યોનું સ્મરણ કરી,
અમો આપને ભાવભીની શ્રધ્ધાંજલી આપીએ છીએ.
ભવોભવ આપના દિવ્ય આત્માને જીનશાસનનું શરણું મળે એ જ પ્રાર્થના
જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત આ સનાતન સત્ય હોવા છતાં, કેટલાક મૃત્યુ એવા હોય છે,
કે જેના ઘા ક્યારેય રૂઝાતા નથી. પ્રભુ આપના આત્માને ચિર:શાંતિ આપે એવી પ્રાર્થના

વિનોદચંદ્ર છોટાલાલ શાહ
રમેશભાઈ છોટાલાલ શાહ પરિવાર
હરેશભાઈ છોટાલાલ શાહ પરિવાર
જયેશભાઈ છોટાલાલ શાહ પરિવાર


**પુત્ર-પુત્રવધુ-પૌત્ર**
સ્વ. કેયુરભાઈ (કલ્પેશભાઈ) વિનોદચંદ્ર શાહ
મનીષાબેન કેયુરભાઈ શાહ
નમ્ર કેયુરભાઈ શાહ
શાર્વિનકુમાર વિનોદચંદ્ર શાહ
ક્રિમલ શાર્વિનકુમાર શાહ
આગમ શાર્વિનકુમાર શાહ

**દીકરી-જમાઈ**
રીનાબેન અલ્પેશકુમાર શાહ
અલ્પેશકુમાર વસંતલાલ શાહ
યશ અલ્પેશકુમાર શાહ
ઋષભ અલ્પેશકુમાર શાહ

**વેવાઈ પક્ષ**
સ્વ. અજીતભાઈ પોપટલાલ શાહ (ખેડા)
નિલાબેન અજીતભાઈ શાહ
રાજેન્દ્રકુમાર બાબુલાલ શાહ (લુણવા મંડાલી)
ઈન્દિરાબેન રાજેન્દ્રકુમાર શાહ

Firm: VALLMARK CARDS & GIFTS ( Shyam Shikhar Complex, Bapunagar)

# હાર્દિક શ્રધ્ધાંજલી



## સ્વ.મુકેશભાઈ જમનાદાસ શાહ

**(ઉનાવા, હાલ : વડોદરા)**

જન્મ તા.૨૭-૦૮-૧૯૫૪ – સ્વ.તા.૧૮-૦૬-૨૦૨૪

"જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુ:ખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચુક્યા નથી, ધર્મ કદી ભુલ્યા નથી, સુખ-દુ:ખમાં સદા હસતા રહ્યા તમે, દિલ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.



લિ.


સ્વ.વર્ષાબેન દિલીપકુમાર શાહ (ભાલક)
ભાવનાબેન પ્રકાશચંદ્ર શાહ (ભાલક)
આરતીબેન કુમારપાલ શાહ (બોકરવાડા)
ધર્મેન્દ્રભાઈ જમનાદાસ શાહ (ઉનાવા)




# અવસાન-શ્રધ્ધાંજલિ




**અવંતિકાબેન ચીમનલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૫-૦૬-૨૦૨૪, મંગળવાર



**ગીરીશકુમાર નટવરલાલ શાહ**
ગામ : ખરવાડા
હાલ : ભાયંદર, મુંબઈ
સ્વ. તા.૨૭-૦૬-૨૦૨૪, ગુરુવાર



**ડૉ.પ્રવીણભાઈ ભોગીલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૯-૦૬-૨૦૨૪, શનિવાર



**શર્મિષ્ઠાબેન વિનોદકુમાર શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૧-૦૭-૨૦૨૪, સોમવાર



**કુસુમબેન નટવરલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૨-૦૭-૨૦૨૪, મંગળવાર



**પાયલબેન પ્રમોદકુમાર શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૧૦-૦૭-૨૦૨૪, બુધવાર



**વિમળાબેન ચીનુભાઈ શાહ**
ગામ : દાસજ
હાલ : વડોદરા
સ્વ. તા.૧૫-૦૭-૨૦૨૪, સોમવાર



**મહેન્દ્રભાઈ રમણલાલ શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૧૬-૦૭-૨૦૨૪, મંગળવાર



**ભૂપેન્દ્રભાઈ ધુલિદાસ શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૨૦-૦૭-૨૦૨૪, શનિવાર



**મીનાબેન અશોકભાઈ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૩-૦૭-૨૦૨૪, મંગળવાર

## આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

## સંવેદના

અજ્ઞાન તે મોટો અપરાધ છે. લોકો માને છે, કે હું ધર્મ કરું છું માટે મને કોઈ તકલીફ ન જ આવવી જોઈએ. મારી લાઈફ નિયમિત છે. એટલે મને કોઈ રોગ ન આવવા જોઈએ! હું ન્યાયમાં માનું છું. માટે મારી સાથે અન્યાય ન થવો જોઈએ.

માણસની આ અજ્ઞાનતા તેની નર્વસનેસનું કારણ બને છે. તેના ડીપ્રેશનનું કારણ બને છે. તે લોકો જિંદગીમાં હતાશ થઈ જાય છે.

બકા ! તારી આ જ ભ્રમણા છે. અજ્ઞાનતા છે. ભગવાન રાજપાટ છોડીને નીકળી ગયા. કોઈનું કાંઈ જ બગાડ્યું નથી. છતાં દીક્ષાની પહેલી રાતે જ કેવા ભયંકર ઉપસર્ગો આવ્યા. ૧૨ાા વર્ષ પ્રભુને કેટલું સહન કરવું પડ્યું!

જૈન શાસ્ત્રો કહે છે, તે સમજો! તમને તમારા જીવનમાં આવતી તકલીફો, દુ:ખો કે સુખો તે તમારા વર્તમાન પુરૂષાર્થ કે, વર્તમાન ધર્મનું ફળ નથી. પરંતુ પૂર્વભવોમાં પાપ કરવા દ્વારા આપેલું આમંત્રણ છે. પાપ ઉદયમાં આવે પછી ગમે તેવી પરિસ્થિતિમાં પણ દુ:ખ આવવાનું જ. તેને કાઢવાના બે જ ઉપાય છે. જ્ઞાનપૂર્વક સમતાભાવે સહન કરી પાપને ખાલી કરો અને બીજો ઉપાય ભવિષ્યમાં દુ:ખો ન આવે માટે વર્તમાનમાં પાપ કાર્યો કરવાનું તદ્દન બંધ કરો. એટલે તમારો વર્તમાન સમાધિમય બનશે અને ભાવિ સુખમય બનશે! ક્યારથી શરૂ કરો છો?

## હાર્દિક શ્રધ્ધાંજલી



# અવંતિકાબેન ચીમનલાલ ગાંધી (મોટેરા)

જન્મ તા. ૦૫-૦૫-૧૯૫૧ ❊ અવસાન તા. ૨૫-૦૬-૨૪

અનેક શારિરીક તકલીફોનો કર્યો સ્વીકાર ન કરી ફરીયાદ, ન માની હાર,
જીવ્યા ગૌરવ અને સ્વમાનભેર, કર્યા સુકૃતો જીવનમાં હર્ષભેર,
માતા-પિતાના સત્કાર્યો ને આગળ વધારી તેમની અધૂરી ઈચ્છાઓ પૂરી કરી,
બની પ્રેરણા અમ સૌ પરિવારજનો માટે પ્રસન્નચિત્તે આપ ચાલ્યા મોક્ષની વાટે
'આપને વહેલામાં વહેલા પરમપદ' ની પ્રાપ્તિ થાય એ જ પરમાત્માને પ્રાર્થના

રમેશભાઈ ચિમનલાલ ગાંધી
સ્વ. ભારતીબેન રમેશચંદ્ર ગાંધી
કૌશલ રમેશભાઈ ગાંધી
પ્રણાલી કૌશલ ગાંધી

નેહા શીતલકુમાર
પૂર્વી મિતેષકુમાર
અમી રાકેષકુમાર
નિરાલી અર્પિતકુમાર

વિપિનભાઈ ચિમનલાલ ગાંધી
ભાવનાબેન વિપિનભાઈ ગાંધી
ચૈતાલી અવિનાશકુમાર
રુચિતા વિશ્વાસકુમાર

પુષ્પાબેન દિનેશભાઈ શાહ
હેમાંગ - સેજલ
આલોક - રૂપલ
(ભાલક)

Publishing on 1st Date of every Month
R.N.I. Regd. No. : GujGuj/2003/11307 • Postal Reg. No. : GAMC - 1401/2024-26
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2026 • Posting at P.S.O. Ahmedabad on 1st date of every month



# અભિનંદન સહ શુભેચ્છા




**સ્વ. મહેન્દ્રભાઈ રતીલાલ શાહ અને અનીલાબેન મહેન્દ્રભાઈ શાહ**
**ની લાડલી સુપૌત્રી**

## 'ચિ. ધ્રુવી' એ

**BCA (Bachlor of Computer Application) in St. Xavier's University, Ahmedabad, India and MSc Business Intelligence and Digital Marketing in Brunel University London, Kingston, London, Uxbridge**

**માંથી અભ્યાસક્રમ સફળતા પૂર્વક પરિપૂર્ણ કરેલ છે.**

**તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા**

**અમો ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ.**

લિ.

**સુભદ્રાબેન રતીલાલ શાહ (ચાવાળા) પરિવાર**
(સમોડા) અમદાવાદ

ઉર્મિશ મહેન્દ્રભાઈ શાહ
સ્વીટી(શ્વેતા) ઉર્મિશ શાહ
ક્રીશ ઉર્મિશ શાહ

સંજય મહેન્દ્રભાઈ શાહ
સોનલ સંજય શાહ
સોહીલ સંજય શાહ
શીખા સંજય શાહ

નેહા મયુરકુમાર ગાંધી • મયુરકુમાર કેશવલાલ ગાંધી
રાજ એમ. ગાંધી - આયુષી એમ. ગાંધી
(રણુંજ)

ફર્મ : શ્રેયસ ટી ડીપો • શ્રેયસ ટ્રેડીંગ કાું. • શાહ ટોઈઝ

રહેઠાણ : ૨, સિધ્ધાર્થ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭ મો.: ૯૮૯૮૪૫૧૦૬૫, ૮૮૪૯૪૯૭૨૦૮

પરિવાર પત્રિકા
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI